શનિવારે વડોદરામાં ભારતીય જનતા પક્ષ દ્વારા મોંઘવારી વિરોધી સરઘસમાં માનવમેદની ઊમટી હતી

સિલિકોન વેલીમાં શ્રીમય વિદ્યા મંદિરનો શાળાંત સમારોહ યોજાયો

પ્રવીણ દેસાઈ તરફથી

મિલપીટાસ/કેલિફોર્નિયા, તા. ૧૦ : સિલિકોન વેલીના મિલપીટાસ ઉપનગરમાં 'બે-એરિયા યુવા વૈષ્ણવ પરિવાર-બે-વીપી' દ્વારા નૂતન હવેલી-નંદાલયમાં દર રવિવારે બપોરે બે કલાક માટે માતૃભાષા ગુજરાતી, હિન્દી તથા સંસ્કૃત ભાષાના સંવર્ધન માટે સૌ પ્રથમ 'શ્રીમય વિદ્યામંદિર'નું નિર્માણ કર્યું છે, જેના અંતર્ગત અહીં અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરતાં બાળકોને ગુજરાતી સમુદાયના સ્વયંસેવક શિક્ષકોના માર્ગદર્શન હેઠળ એથી ચાર ધોરણ સુધીના પ્રાથમિક જ્ઞાન સાથે સંપ્રદાયી મૂલ્યનિષ્ઠ સિદ્ધાંતોનું જ્ઞાન આપવામાં આવે છે. 'મિ એન્ડ માય મમ્મી' વિભાગના સ્વયંસેવક સંચાલિકાઓ શ્રીમતી હીરલબહેન શશિભાઈ દેસાઈ તથા શ્રીમતી નિર્મલબહેન સૌમિલભાઈ ગાંધી હવેલીમાં ભૂલકાઓની સંભાળ લેવાની સાથે બાળવાર્તાઓ, રમતગમતમાં પ્રવૃત્ત રાખે છે.

તાજેતરમાં 'ફાધર્સ ડે'ના ઉપલક્ષમાં ૨૦૦૯-૧૦૧૦ના શૈક્ષણિક વર્ષમાં અભ્યાસ કરતાં આશરે ૨૫૦ વિદ્યાર્થીઓને પ્રિન્સિપાલ દમયંતીબહેન મહેતા 'એસવીએમ'ના સંચાલિકા સંગીતાબહેન દિલિપભાઈ શાહ અને 'બે-વીપી'ની કારોબારી સમિતિના સભ્ય ડૉ. દિવ્યાંગભાઈ પટેલના હસ્તે પ્રગતિપત્ર આપવાનો સમારોહ યોજાયો હતો. સંસ્થાના પ્રમુખ જોગેનભાઈ શાહે અતિથિવિશેષપદે હતા.

સમાચાર સાર

પીએસએલવી-સી ૧૫ની ઊંધી ગણતરી શરૂ

ચેન્નઈ, તા. ૧૦ (પી. ટી. આઈ.) : ઇસરોના પોલાર સેટેલાઈટ લોન્ચ વેહીકલ પીએસએલવી-સી ૧૫ની ૧૭મી ફ્લાઈટની પચાસ કલાક કરતાં વધારેની ઊંધી ગણતરી શ્રી હરિકોટા સ્પેસપોર્ટ ખાતે શરૂ થઈ ગઈ છે. સતીશ ધવન સ્પેસ સેન્ટર ખાતેથી સોમવારે સવારે ૯.૨૨ વાગ્યે શરૂ થઈ હોવાની જાણકારી ઇસરોના અધિકારીએ આપી હતી. ઇસરોના પ્રવક્તા એસ. સતીષે જણાવ્યું કે ઊંધી ગણતરીની પ્રગતિ યોગ્ય થઈ રહી છે અને લોન્ચ નક્કી કરાયેલા સમયપત્રક મુજબ જ થશે.

તમિળ ટાઈગરો સાથે સંબંધ નથી : ટીવીએસ

નવી દિલ્હી, તા. ૧૦ (પી. ટી. આઈ.) : દક્ષિણ ભારતસ્થિત ઓટોમોબાઈલ કંપની ટીવીએસ ગ્રુપે શનિવારે સ્પષ્ટ કર્યું કે કંપનીને એલટીટીઈ જોડે કોઈ સંબંધ નથી અને કંપનીમાં આર્થિક ગેરરીતિઓના આક્ષેપો પણ નકારી કાઢ્યા હતા. ચાર અબજ અમેરિકન ડૉલરનું મૂલ્ય ધરાવતી કંપનીએ સ્પષ્ટ કર્યું છે કે આર્થિક ગેરરીતિના આક્ષેપ કરતાં અહેવાલો બદનક્ષીભર્યાં અને પાયાવિહોણા છે. ટીવીએસ ગ્રુપ ભારતની અગ્રણી દ્વિ-ચક્રી વાહનોનું ઉત્પાદન કરતી કંપની છે.

મધ્યપ્રદેશમાં ફિલ્મસિટી નિર્માણ થશે

ભોપાલ, તા. ૧૦ (પી. ટી. આઈ.) : મધ્યપ્રદેશના સાંસ્કૃતિક ખાતાના પ્રધાન લક્ષ્મીકાંત શર્માએ જણાવ્યું હતું કે રાજ્યને ટૂંક સમયમાં પોતાની ફિલ્મસિટી મળશે જેથી ફિલ્મનિર્માણ માટે નિર્માતાઓ આકર્ષાય. સ્વીન્દ્ર ભવન ખાતે ત્રણ દિવસના ઇન્ડિયન પેનોરમા ફિલ્મ ફેસ્ટિવલ ૨૦૧૦ના ઉદ્‌ઘાટન પ્રસંગે શર્માએ આ બાબત જણાવેલી. એમણે ઉમેર્યું કે અમે લોકોને અમારા રાજ્યમાં આવી ફિલ્મ બનાવવા માટે આમંત્રણ આપીએ છીએ.

આસામમાં શસ્ત્રોનો મોટો જથ્થો પકડાયો

હોકલોંગ (આસામ), તા. ૧૦ (પી. ટી. આઈ.) : બળવાખોર સંગઠન ડીએચઝીની (જે) માલિકીની ૨૮ એકે-૪૭ રાઈફલો સહિતના શસ્ત્રોનો મોટો જથ્થો મધ્યમ આસામના ઉત્તર કાચાર પહાડ જિલ્લામાંથી પકડાયો હતો.

પોલીસ અને લશ્કરની સંયુક્ત ટીમે જંગલમાં ઠાટવામાં આવેલા ૪૮ જુદાં-જુદાં શસ્ત્રો હોકલોંગ પોલીસસ્ટેશન અંતર્ગતના થાના લાંબરા ખાતેથી પકડી પાડ્યાં હતાં. દિમા હલામ દાઓગા જૂથના નિરંજન હાજોઈની ધરપકડ બાદ પૂછપરછમાં મળેલી માહિતીના આધારે પોલીસે આ જથ્થો પકડી પાડ્યો હતો.

એ સંગઠનના ભંડોળની થઈ રહેલી તપાસ

તિરુવનંતપુરમ્, તા. ૧૦ (પી. ટી. આઈ.) : પોપ્યુલર ફ્રન્ટ ઑફ ઇન્ડિયાના કાર્યકર્તાઓ દ્વારા કૉલેજ લેક્ચરર પરના કથિત હુમલાની તપાસ કરી રહેલી પોલીસ ટીમને સંગઠને પોતાની પ્રવૃત્તિઓ માટે ખર્ચેલા અઢળક નાણાં અંગે કડી મળી હોવાનું જાણવા મળે છે. આ સંગઠનને પૂરા પાડવેલા ભંડોળ પર પ્રકાશ પાડતા દસ્તાવેજો પોલીસને તપાસ દરમિયાન હાથ લાગ્યા છે. ખ્રિસ્તીઓ દ્વારા સંચાલિત ખાનગી કૉલેજના લેક્ચરર ટી. જે. જોસેફ (૫૨) પર મુવાતુપુઝા ખાતે ગયા રવિવારે તેઓ પોતાના પરિવાર સાથે પાછા ફરી રહ્યા ત્યારે હુમલો કરાયો હતો. પયગંબર મુહમ્મદ અંગે કથિતપણે બદ્‌ગોઈ કરતો પ્રશ્નપત્ર લખવા બદલ જોસેફનો જમણો હાથ કાપી નાખવામાં આવ્યો હતો.

(પહેલા પાનાથી ચાલુ)

આજે ફૂટબૉલના...

૩૨ વર્ષ બાદ વિશ્વકપની ફાઈનલમાં પહોંચ્યું છે. બંને ટીમના ખેલાડીઓના ફોર્મને જોતાં આવતીકાલની મેચ રોમાંચક બની રહે તેવી અપેક્ષા છે. જર્મનીમાં પોલ ઓક્ટોપસે કરેલી આગાહી મુજબ સ્પેન વિશ્વકપ જીતી જશે. સ્પેનમાં હાલ બાલ્કની, કાર, રેસ્ટોરન્ટ વગેરેમાં લાલ અને સોનેરી રંગ છવાયેલો છે. સાન ફર્મિન ફેસ્ટિવલમાં પણ ફૂટબોલની અસર દેખાય છે. સ્પેન વિજયી થશે તો અભૂતપૂર્વ સ્વાગત થશે પણ હારશે તોય ખુલ્લી બસમાં ભવ્ય સ્વાગત કરાશે. શાનદાર ફોર્મમાં મહાલી રહેલા ડેવિડ વિલા પર સૌની નજર છે. વિલા ઉપરાંત સ્પેન પાસે ફર્નાન્ડો ટોરેસ અને ઝાવી જેવા ધરખમ ખેલાડીઓ છે.

બીજીબાજુ નેધરલેન્ડ પ્રથમ વખત તેના વિશ્વકપ જીતવાના સ્વપ્નને પરિપૂર્ણ કરવા માટે મેદાનમાં ઉતરશે. તે અગાઉ ૧૯૩૪ અને ૧૯૩૮માં વિશ્વકપની ફાઈનલમાં પહોંચ્યું હતું. ટીમ તરફથી વેસ્લે સ્નિજર ખતરનાક પ્લેયર તરીકે ઉભરીને બહાર આવ્યો છે. તે ગોલ્ડન બૂટ માટે પણ પ્રબળ દાવેદાર છે. આ મેચનું રાત્રે બાર વાગ્યેથી ઇએસપીએન પરથી પ્રસારણ કરવામાં આવશે.

(પહેલા પાનાથી ચાલુ)

બિહાર બંધથી...

તેમણે ૫ જુલાઈના ભારત બંધમાં જોડાવું જોઈતું હતું, એમ નીતિશકુમારે વધુમાં જણાવ્યું હતું.

રાજદ અને એલજેપીના કાર્યકરોએ બિહારની રાજધાની પટણાના ગિરદીવાળા બેઈલી રોડ અને અશોક રાજ પાથ પર મોરચા કાઢ્યા હતા અને ઘણા કલાકો સુધી રસ્તા પર અવરોધો સર્જ્યા હતા. મોટા ભાગની દુકાનો અને વેપારી પેઢીઓ બંધ રહી હતી, જ્યારે બેન્કો અને અન્ય નાણાંસંસ્થાઓની કચેરીઓ ખુલ્લી હતી. રાજ્યમાં ઘણી જગ્યાઓએ બંધના ટેકેદારોએ ટાયરો બાળીને રેલવે પાટા વચ્ચે તેમ જ ઘોરીમાર્ગો પર અવરોધો ઊભાં કર્યાં હતાં. બંધને ઔરંગાબાદ, ગયા, આરા, મસાદૂરી, બારહ, જેહનાબાદ, ગોપાલગંજ, છાપરા, મુઝફ્ફરપુર, દરભંગા અને સહાર્સા ખાતે સારો પ્રતિસાદ મળ્યો હતો.

બંધને કારણે ઘણી બધી ટ્રેનો અટકી પડી હતી.

(છેલ્લા પાનાથી ચાલુ)

મનસેના વિધાનસભ્યોનું...

તમાચો માર્યો હતો. તે સભ્યોએ મહિલા વિધાનસભ્ય સાથે ગેરવર્તણૂક કરી હોવાનું પણ કહેવાય છે. તેના પગલે સંસદીય બાબતોના પ્રધાન હર્ષવર્ધન પાટીલે મનસેના chair સભ્યો શિશિર શિંદે, રમેશ વાંજળે, રામ કદમ અને વસંત ગીતેને ચાર વર્ષ માટે વિધાનસભામાંથી સસ્પેન્ડ કર્યા હતા.

તાલાળાના ચિત્રોડગિર ગામે ભાજપની ચિંતન શિબિરનો બંધબારણે પ્રારંભ

સોમવાર બપોર સુધી ચાલશે : ૩૦ રાષ્ટ્રીય-પ્રાદેશિક અગ્રણીઓની હાજરી

તાલાળા ગિર, તા. ૧૦ : તાલાળા તાલુકાના ચિત્રોડગિર ગામ નજીક હિરણ નદી કાંઠે ગિર અભિયારણ્ય પાસે આવેલા ''વનવાસો'' રીસોર્ટમાં ભાજપની ત્રણ દિવસીય ચિંતન શિબિરનો આજે બપોરે ૩-૩૦ વાગે પ્રારંભ થયો હતો. આ ચિંતન શિબિરમાં ભાજપના રાષ્ટ્રીય સંગઠન મંત્રી વી.સતીષજી, રાષ્ટ્રીય ઉપાધ્ય પુરૂષોત્તમ રૂપાલા- પ્રદેશ ભાજપ પ્રમુખ આર.સી. ફળદુ-પ્રદેશ ભાજપ પ્રવકતા આઈ.કે. જોજા-પ્રદેશ યુવા ભાજપ પ્રમુખ પ્રદીપસિંહ વાઘેલા-પ્રદેશ અનુસૂચિત જાતિ મોરચા પ્રમુખ જીવરાજ ભાઈ ચૌહાણ-પ્રદેશ મહિલા મોરચાના પ્રમુખ અને સાંસદસભ્ય જયશ્રીબેન પટેલ, પ્રદેશ કિશાન મોરચાના પ્રમુખ અને ધારાસભ્ય રજનીભાઈ પટેલ- પ્રદેશ લઘુમતી મોરચાના પ્રમુખ સુફીયંત મહેબુબ અબ્બાસ-પ્રદેશ આદિજાતિ મોરચાના પ્રમુખ અને સાંસદ રામશીભાઈ રાઠવા, સૌરાષ્ટ્ર-કચ્છ ભાજપની સંગઠન જવાબદારી સંભાળી રહેલ શંકરભાઈ ચૌધરી તથા વિજયભાઈ રૂપાણી ઉપરાંત પ્રદેશ ભાજપના ચાર મહામંત્રી સહિત ભાજપના ૩૦ ધુરંધરો આ ચિંતન શિબિરમાં ભાગ લઈ રહ્યા છે, તેમ જિલ્લા ભાજપ પ્રમુખ માધાભાઈ બોરીયાએ જણાવ્યું હતું. શ્રી બોરીયાએ ઉમેર્યું હતું કે, રાજ્યની ભાજપ સરકાર દ્વારા થતી પ્રજાલક્ષી શ્રેષ્ઠ કામગીરીના મીઠાફળ લોકો સુધી પહોંચે. ભારતીય જનતા પાર્ટીનું સંગઠન માળખું વિસ્તૃત અને મજબુત બને માટે આવનારા દિવસો શું કરવું જોઈએ ? તેની ચિંતન શિબિરમાં ચર્ચા અને મંથન કરવામાં આવશે. ભાજપમાં દર બે વર્ષે આવી ચિંતન શિબિર યોજાય છે તેના ભાગ રૂપે આ શિબિર યોજાઈ રહી છે.

ચિંતન શિબિરના પ્રારંભે જૂનાગઢ જિલ્લના ભાજપ સમિતિ દ્વારા પુષ્પ ગુચ્છ સાથે કનૈયાલાલ માણેકલાલ મુન્શી લિખિત ''જય સોમનાથ'' પુસ્તક આવેલા દરેક મહાનુભાવોને અર્પણ કરી ભાજપના વરિષ્ઠોનું સ્વાગત કરાયુ હતું. આ ચિંતન શિબિર સોમવાર બપોર સુધી ચાલશે તેની સંપૂર્ણ વ્યવસ્થા જૂનાગઢ જિલ્લાના ભાજપ સમિતિ સંભાળી રહી છે. આ ચિંતન શિબિર બંધ બારણે ચાલી રહી છે.

અમદાવાદ-દિલ્હી વચ્ચે ઑક્ટોબરથી સીધી વિમાનીસેવા

મુંબઈ, તા. ૧૦ : આગામી ઑક્ટોબરથી અમદાવાદ અને દિલ્હી વચ્ચે સીધી વિમાની સેવા શરૂ થઈ રહી છે. આ વર્ષે ૨૨થી ૨૪ જાન્યુઆરી સુધી અમદાવાદમાં યોજાયેલી વિશ્વ ગુજરાતી પરિષદ દરમિયાન વિશ્વ ગુજરાતી સમાજે કેન્દ્રીય નાગરિક ઉડ્યનપ્રધાન પ્રફુલ્લ પટેલ સમક્ષ આ માગણી કરી હતી અને પટેલે ફ્લાઇટ શરૂ કરાશે એવી ખાતરી આપી હતી.

સમાજના પ્રમુખ કૃષ્ણકાંત વખારિયાએ પ્રફુલ્લ પટેલને એક પત્ર લખીને તેમનો આભાર માન્યો છે અને સુરત, વડોદરા, રાજકોટ અને ભુજને આંતરરાષ્ટ્રીય એરપોર્ટ જાહેર કરવાની તેમ જ ભુજ અને મસ્કત વચ્ચે સીધી વિમાની સેવા શરૂ કરવાની પણ માગણી કરી છે.

આજે લોકલ ટ્રેનનો પ્રવાસ ટાળજો...

મધ્ય રેલવેની મેન અને હાર્બર લાઈન તેમ જ પશ્ચિમ રેલવેમાં પણ મેગા બ્લૉક

અમારા પ્રતિનિધિ તરફથી

મુંબઈ, તા. ૧૦ : રવિવારની રજાનો દિવસ એટલે રેલવે માટે મેગા બ્લૉકનો સમય. આવતી કાલે મધ્ય રેલવેની મેન લાઈન, હાર્બર લાઈન તેમ જ પશ્ચિમ રેલવે એમ ત્રણે રેલવેલાઈન પર મેગા બ્લૉક હાથ ધરવામાં આવશે. જાળવણીનાં કામસર લગભગ દર રવિવારે આ બ્લૉક યોજાતા હોય છે.

મધ્ય રેલવેની મેન લાઈનમાં માટુંગા અને મુલુન્ડ સ્ટેશનો વચ્ચે ડાઉન ફાસ્ટ લાઈન પર સવારે ૧૦.૩૦થી સાંજે ૪.૦૦ વાગ્યા સુધી બ્લૉક રહેશે. આંતરરાષ્ટ્રીય એરપોર્ટ જાહેર કરવાની તેમ જ ભુજ અને મસ્કત વચ્ચે સીધી વિમાની સેવા શરૂ કરવાની પણ માગણી કરી છે.

હાર્બર લાઈનમાં સવારે ૧૦.૪૦થી બપોરે ૩.૫૪ સુધી પનવેલ, બેલાપુર, વાશીથી સીએસટી માટે રવાના થતી બધી અપ ટ્રેનો કુર્લા અને સીએસટી વચ્ચે વાયા મેન લાઈન દોડશે. આ ટ્રેનો કરી રોડ અને ચિંચપોકલી સ્ટેશનોએ ઊભી નહીં રહે.

એવી જ રીતે સીએસટીથી સવારે ૧૦.૪૭થી બપોરે ૪.૦૩ વાગ્યા વચ્ચે સીએસટીથી બાન્દ્રા-અંધેરી માટે ઉપડતી ટ્રેનો તેમ જ સવારે ૧૦.૪૧થી બપોરે ૩.૪૮ વાગ્યા વચ્ચે બાન્દ્રા અને અંધેરીથી ઉપડતી ટ્રેનો રદ રહેશે.

કલ્યાણ અને બદલાપુર વચ્ચે સવારે ૧૦.૪૫થી બપોરે ૧૨.૧૫ વાગ્યા સુધી પાવર બ્લૉક રહેશે. આથી કલ્યાણથી સવારે ૧૦.૨૬થી ૧૨.૦૪ વાગ્યા વચ્ચે ઉપડતી અને સવારે ૧૦.૪૦થી ૧૨.૪૪ વચ્ચે બદલાપુર અને અંબરનાથથી ઉપડતી ટ્રેનો રદ રહેશે.

પશ્ચિમ રેલવેમાં માહિમ અને મુંબઈ સેન્ટ્રલ વચ્ચે સવારે ૧૦.૩૫થી બપોરે ૩.૩૫ વાગ્યા સુધી અપ અને ડાઉન ફાસ્ટ લાઈન પર મેગા બ્લૉક રહેશે. આથી આ સમય દરમિયાન આ બે સ્ટેશનો વચ્ચે ટ્રેનો સ્લો લાઈન પર દોડશે અને કેટલીક ટ્રેનો રદ પણ થશે, એમ પશ્ચિમ રેલવેની યાદીમાં જણાવાયું છે.

(પહેલા પાનાથી ચાલુ)

શ્રીનગરમાંથી...

૪૦) મુખ્ય પ્રધાને કહ્યું હતું કે મારા હોદ્દાના સમય દરમિયાન હું બીજી વખત આવો નિર્ણય લેવા માગતો નથી.

સરકાર ક્યારે લશ્કર પાછું ખેંચી લેશે એમ પુછાતા ઉમરે કહ્યું હતું કે જ્યારે સરકારને વિશ્વાસ બેસશે ત્યારે આવું પગલું ભરાશે.

કર્ફ્યુ હળવો બનાવાયો

દરમિયાનમાં સોપોર અને પુલવામા સિવાય કાશ્મીર ખીણમાં આજે કર્ફ્યુ હળવો બનાવવામાં આવ્યો હતો કે જેથી લોકો મુસ્લિમ પર્વ પ્રસંગે વિશેષ નમાઝ પઢી શકે. દરમિયાનમાં પોલીસે આજે પથ્થરમારો કરનારાઓ અને લોકોને ઉશ્કેરણી કરનારા ૨૦ જણાને પકડયા હતા. આજે પર્વના દિવસે કર્ફ્યુ હળવો બનાવવા વિશે ગઈકાલે રાત્રે મુખ્ય પ્રધાને ઉચ્ચ કક્ષાની બેઠક બોલાવી હતી. આજે મહમ્મદ પયગંબરના પવિત્ર બાલના દર્શન કરવા લોકો હઝરતબાલ ખાતે ઊમટી પડ્યા હતા. કુદાનો અને વેપારીગૃહો ખૂલ્યા હતા અને શહેરમાં ટ્રાફિક રાબેતા મુજબ ચાલતો હતો.

દરમિયાન ખોટા સમાચારો પ્રસારિત કરીને લોકોને ઉશ્કેરવા માટે કાશ્મીરની પોલીસે એક ખાનગી ટીવી ચેનલ સામે કેસ નોંધ્યો હતો.

કૉંગ્રેસે આજે જમ્મુ અને કાશ્મીરની સરકાર પરિસ્થિતિ જે રીતે હલ કરી રહી છે તેને ટેકો આપ્યો હતો અને તેણે તમામ પક્ષોને રાબેતા મુજબની સ્થિતિ સ્થાપવામાં સહાયભૂત થવાની અપીલ કરી હતી. કૉંગ્રેસી પ્રવક્તા મનિષ તિવારીએ કહ્યું હતું કે આ ગંભીર પરિસ્થિતિ છે અને રાબેતા મુજબની સ્થિતિ સ્થાપવા રાજ્ય સરકાર તેનાથી બનતા પ્રયાસ કરી રહી છે, જેને તમામ પક્ષોએ ટેકો આપવો જોઈએ.

નવી દિલ્હી : કેન્દ્રીયપ્રધાન ફારૂક અબદુલ્લા આજે ગૃહપ્રધાન ચિદમ્બરમને મળ્યા હતા અને તેમણે કાશ્મીર ખીણની પરિસ્થિતિની ચર્ચા કરી હતી અને રાજ્ય સરકારે પરિસ્થિતિને થાળે પાડવા ભરેલાં પગલાંની માહિતી આપી હતી.

હૈદ્રાબાદ : માર્ક્સવાદી પક્ષના પૉલિટ બ્યૂરોના સભ્ય સીતારામ યેચુરીએ અશાંતગ્રસ્ત આ રાજ્યમાં વિવિધ જૂથો સાથે સંવાદની પ્રક્રિયા શરૂ કરવાની પહેલ કરવા વડા પ્રધાનને વિનંતી કરી હતી. આ માટે તેમણે સર્વપક્ષી બેઠક બોલાવવાનું જણાવ્યું હતું.

ભાજપે કાશ્મીરની પરિસ્થિતિ પર અંકુશ મેળવવામાં ઉમર અબદુલ્લા નિષ્ફળ ગયા હોવાનું જણાવીને કેન્દ્ર સરકારને ચાંપતા પગલાં ભરવાનું કહ્યું હતું. દરમિયાન શિવસેનાના કાર્યકરોએ આજે ઉધમપુરમાં હુર્રિયત કૉન્ફરન્સના કટ્ટરવાદી નેતા સય્યદ અલી શાહ ગિલાણીનું પૂતળું બાળ્યું હતું.

(પહેલા પાનાથી ચાલુ)

આમીર ખાનના...

વાપરવા આ બિલકુલ યોગ્ય હથિયાર છે. આ ગીત આ વર્ષે યોજાનારી નિહાર વિધાનસભાની ચૂંટણીઓના પ્રચાર દરમિયાન પણ ભારે અસરકારક નીવડશે, એમ આ વર્તુળોનું કહેવું છે. આમ છતાં આમીર ખાને કોઈ બાંધવરી આપવાનો ઈનકાર કર્યો હતો.

ચૂંટણીપ્રચાર દરમિયાન ફિલ્મી ગીતોનો ઉપયોગ કરવો એ રાજકારણીઓ માટે નવું નથી. લોકસભાની ગત ચૂંટણીઓ પહેલાં કૉંગ્રેસે ઑક્સાર વિજેતા ગીત 'જય હો'ના હક્ક મેળવ્યા હતા અને તેના પ્રચારના 'થીમ' તરીકે તેનો ઉપયોગ કર્યો હતો.

આમીર ખાને તાજેતરમાં મુંબઈમાં એક કાર્યક્રમમાં જણાવ્યું હતું કે આસમાને જતા ભાવને કારણે જીવન જીવવાનો સંઘર્ષ કરી રહેલા આમઆદમીનો 'અવાજ' આ ગીત બની રહેશે. નાનાં ગામોથી માંડીને મહાનગરોમાં ભાવવધારાથી દરેક પરેશાન છે.

સંજય વોરાનાં પચાસ પુસ્તકોનું વિમોચન

મુંબઈ, તા. ૧૦: સંજય વોરાનાં પચાસ પુસ્તકોનું વિમોચન રવિવાર, ૧૧ જુલાઈએ સવારે ૯.૩૦ વાગ્યે અમદાવાદના સેટેલાઈટ વિસ્તારમાં આવેલા પ્રેરણા તીર્થ ઉપાશ્રયમાં થશે. આઠ વર્ષ સુધી સમસ્ત મહાજન ફિચર્સ માટે લખેલા ૨૫૦૦ લેખોને સમસ્ત મહાજન સંસ્થા પુસ્તક સ્વરૂપે પ્રકાશિત કરી રહી છે. મુખ્ય વિમોચનકર્તા જયંતીલાલ શેઠ છે.

(પહેલા પાનાથી ચાલુ)

ભારતીય...

પંડિત જેઓ અમેરિકામાં મુસ્લિમ સમુદાયના વિશેષ પ્રતિનિધિ છે તેમણે વેબ વીડિયો સાથેની મુલાકાતમાં આમ જણાવ્યું હતું.

ફરાહ પંડિયે કે જેમણે બે ડઝન મુસ્લિમ દેશો અને જ્યાં મુસ્લિમોની સારી એવી સંખ્યા છે તે દેશોની મુલાકાત લીધી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે તેઓ હવે ભારતમાંથી બહાર નીકળી રહ્યા છે અને ત્યાં શું બની રહ્યું છે તેની વાત કરે છે. ભારતમાં ૧૬ કરોડ મુસ્લિમો છે અને તેઓ આતંકવાદી નથી એમ મને કહેવા દો. તેમના વિષેનું આતંકવાદી વર્ણન વાતચીત દ્વારા બદલવું પડશે. તમામ મુસ્લિમોને એક જ પંગતમાં ન મૂકી શકાય. કોઈ એક ધર્મના કેટલાક લોકો કંઈક ખોટું કરે તો એમ ન કહી શકાય કે એ ધર્મના બધા લોકો આવા છે. આવી છાપ દૂર કરવા મુસ્લિમો અથાક પ્રયત્નો કરી રહ્યા છે. તેમણે કહ્યું હતું કે મુસ્લિમ તરીકે અમે કોઈ પણ સ્વરૂપની હિંસાનો વિરોધ કરીએ છીએ. અમારે વધુ સંપર્ક અને સંવાદ કરવાની જરૂર છે. પ્રમુખ ઓબામાએ કહ્યું છે તેમ અમારું કાર્ય મુસ્લિમો સાથે વધુ સંપર્ક સાધવાનું છે એમ તેમણે કહ્યું હતું.

એક કરોડની ખંડણી માટે ૧૦ વર્ષના કિશોરનું અપહરણ કરનારા છ શખસ પકડાયા

અમારા પ્રતિનિધિ તરફથી

મુંબઈ, તા. ૧૦ : કાંદિવલી (પૂર્વ)ના ઠાકુર કૉમ્પ્લેક્સ પરિસરમાંથી ગત બુધવારે એક કરોડ રૂપિયાની ખંડણી માટે પોલીસે પંકજ રામચંદ્ર તિવારી (૧૦) નામના કિશોરનું અપહરણ કર્યા બાદ તેને છોડી મૂકનાર અજય રમાકાંત તિવારી (૨૩), શિવમ વિરેન્દ્રકુમાર ઉર્ફે ડૉક્ટર શ્રીવાસ્તવ (૨૩), સંતોષ મહેન્દ્રનાથ શુક્લા ઉર્ફે બેટા (૨૮), વિજય મહેન્દ્ર પ્રતાપ સિંહ (૨૩), નરેન્દ્ર રામચંદ્ર રહિશાશી (૨૪) અને ભરત રામદયાળ મૌર્યા (૨૧) નામના છ શખસની ધરપકડ કરી હતી. તેમની પાસેથી ઇન્ડિકા અને સફારી કાર જપ્ત કરી હતી. પોલીસે જણાવ્યું હતું કે ઠાકુર વિદ્યામંદિર શાળામાં પાંચમા ધોરણમાં ભણનાર પંકજનું ગત બુધવારે સાંજે ચાર શખસે અપહરણ કરીને તેને મોડી રાતે બોરીવલી (પૂર્વ)ના રેલવેસ્ટેશન પાસે છોડી દીધો હતો. તે પાછળથી સજાગ નાગરિક અને પોલીસની મદદથી હેમખેમ ઘરે આવ્યો હતો.

આ અંગે ગુનાશોધક શાખાએ કરેલી તપાસમાં જણાયું હતું કે જે દિવસે પંકજનું અપહરણ થયું ત્યારે તેનો પિતરાઈ ભાઈ રાહુલ શ્યામ તિવારી (૧૯) તેની સાથે હતો. તેણે પંકજના અપહરણ માટે વપરાયેલી ઇન્ડિકા કારને અટકાવવાનો પ્રયત્ન કર્યા પછી મદદ માટે બૂમાબૂમ કરી હતી. પોલીસે તપાસ કરીને છ શખસને પકડ્યા હતા. અપહરણકારોમાંથી અજય તિવારી અને શિવમ કુમાર મિત્ર છે. તેમણે અપહરણની યોજના બનાવીને ઇન્ડિકા કાર ભાડે લીધી હતી. તેમ જ સંતોષ શુક્લા નામનો શખસ અગાઉ પંકજના પિતાને ત્યાં કામ કરતો હતો. બાદમાં આ અપહરણકારો ગભરાયા હતા કે એક કરોડ રૂપિયાની ખંડણી માટે પોલીસ ઝડપી લેશે એટલે પંકજને બોરીવલીમાં મુક્ત કર્યો હતો.

તમામ કાર્યવાહી જૉઈન્ટ પોલીસકમિશનર (ગુના) હિમાંશુ રોય, એડિશનલ પોલીસકમિશનર (ગુના) દેવેન ભારતી, ડી.સી.પી. અમર જાધવ, એ.સી.પી. જયવંત હરગુડેના માર્ગદર્શન હેઠળ પોલીસઈન્સ્પેક્ટર મિલિંદ ખેતલે અને સ્ટાફે બજાવી હતી.

૧૪થી ૨૧મી ઑગસ્ટ દરમિયાન વૈષ્ણોદેવી યાત્રાનું આયોજન

મુંબઈ, તા. ૧૦ : માતા વૈષ્ણોદેવી યાત્રા સંઘ-મલાડ સંસ્થા દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ૧૪થી ૨૧મી ઑગસ્ટ દરમિયાન વૈષ્ણોદેવી યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. ભક્તોની માગણીને માન આપીને યાત્રાસ્થળોમાં ઉજ્જૈનના મહાકાલેશ્વર મંદિરનો પણ સમાવેશ કરાયો છે. આ અંગે વધુ વિગત માટે વૈષ્ણોદેવી વીડિયોથામ, મલાડ (પૂર્વ)ના ૨૮૪૪૦૧૬૪ નંબર પર સંપર્ક સાધવા જણાવાયું છે.

Advt.

પૂ. પારસમુનિ મ.સા.નો સોમવારે કાંદિવલીમાં ચાતુર્માસ પ્રવેશ

મુંબઈ, તા. ૧૦ : ગોંડલ સંપ્રદાયના પૂ. ગુરુદેવ શ્રી જગદીશમુનિ મ.સા.ના આજ્ઞાનુવર્તી શિષ્ય યુવાસંત શ્રી પારસમુનિ મ.સા.નો ચાતુર્માસ પ્રવેશ સોમવાર ૧૨/૭/૧૦ના રોજ સવારે ૬.૫૫ કલાકે દશાશ્રીમાળી નગર, મલાડ (વે.)માંથી થશે. શ્રી દશાશ્રીમાળી જૈન સંઘથી વિહાર કરી સકળ સંઘ સાથે પૂ. ગુરુદેવ, પ્રસન્નગુરુ આરાધના કેન્દ્ર, વાસુપૂજ્ય દેરાસરની બાજુમાં, શંકર ગલી, કાંદિવલી (વે.)માં ચાતુર્માસ અર્થે પધારશે.

Advt.

મુંબઈને પાણી પૂરું પાડતાં તળાવોની સપાટી

તળાવ	છલકાવાની સપાટી (મીટરમાં)	હાલની સપાટી (મીટરમાં)	છેલ્લા ૨૪ કલાકમાં પડેલો વરસાદ (મિ.મી.માં)	મોસમનો કુલ વરસાદ (મિ.મી.માં)
મોડકસાગર	૧૬૩.૧૫	૧૪૭.૯૮	૧૨.૬૦	૪૯૪.૪૦
તાનસા	૧૨૮.૬૩	૧૨૧.૬૧	૧૪.૮૦	૫૪૨.૨૦
વિહાર	૮૦.૧૨	૭૫.૮૫	૭.૨૦	૧૪૩૫.૮૦
તુલસી	૧૩૯.૧૭	૧૩૬.૩૪	૧૬.૦૦	૯૪૬.૭૦
અપર વૈતરણા	૬૦૩.૫૧	૫૯૩.૭૬	૭.૮૦	૪૦૬.૨૦
ભાત્સા	૧૪૨.૦૭	૧૦૯.૩૫	૬.૬૦	૭૪૪.૮૦

★ આ આંકડા શનિવારે સવારે છ વાગ્યા સુધીના છે.